Fax : +91-288- 2555966 (O) : 0288-2555155
Email : academic@ayurveduniversity.com

# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી

## એકેડેમિક વિભાગ

ચાણક્ય ભવન, જામનગર –૩૬૧૦૦૮

**રજીસ્ટર એ.ડી.-ઇમેલ** **અતિ મહત્ત્વનું**

નં.એકેડે/એનરોલમેન્ટ/બી.એ.એમ.એસ./૨૦૧૫-૧૬/4102 તા.18-02-2016

પ્રતિ,

(1) આચાર્યશ્રી, અંખડાનંદ આયુર્વેદ કોલેજ ભદ્ર, લાલ દરવાજા પાસે, અમદાવાદ
(2) આચાર્યશ્રી, સરકારી આયુર્વેદ કોલેજ, પાણી ગેટ, વડોદરા
(3) આચાર્યશ્રી, સરકારી આયુર્વેદ કોલેજ, પંચેશ્વર રોડ, જુનાગઢ
(4) આચાર્યશ્રી, શેઠ જી. પ. આયુર્વેદ કોલેજ, મોતીબાગ, ભાવનગર
(5) આચાર્યશ્રી, જે. એસ. આયુર્વેદ કોલેજ, કોલેજ રોડ, નડીયાદ.
(6) આચાર્યશ્રી, શ્રી જી. એ. મહાવિદ્યાલય, જામનગર.
(7) આચાર્યશ્રી, ઓ. હી. નાઝર આયુ. કોલેજ, સ્ટેશન રોડ, સુરત
(8) આચાર્યશ્રી, જી. જે. પટેલ આયુ. કોલેજ, ન્યુ વલ્લભ વિદ્યાનગર, જી. આણંદ.
(9) આચાર્યશ્રી, ધન્વન્તરી આયુ. કોલેજ, શ્રી રામ ચેરીટેબલ ટ્રસ્ટ, મુ. કોયડમ, તા. વિરપુર જી. મહીસાગર
(10) આચાર્યશ્રી, વી. એમ. મહેતા, ઇન્સ્ટીટયુટ ઓફ આયુર્વેદ, મુ.આણદપર, રાજકોટ કાલાવડ હાઇવે, તા. કાલાવડ, જિ. જામનગર
(11) શ્રી મોરારજી દેસાઇ ઇન્સ્ટિટયૂટ ઓફ નેચરોપેથી એન્ડ યોગીક સાયન્સિસ કારેલી બાગ, વડોદરા-૩૯૦ ૦૨૨
(12) નિયામકશ્રી, આઇપીજીટીએન્ડઆરએ, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી જામનગર
(13) આચાર્યશ્રી, આઇ.આઇ.એ.પી.એસ. ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી જામનગર
(14) આચાર્યશ્રી, એમ.પી.વાય.એન.ઇ.આર., ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી જામનગર
(15) કો-ઓર્ડિનેટરશ્રી, પી.જી.ટી. એસ.એફ.સી. સેલ, આઇપીજીટીએન્ડઆરએ, જામનગર.

**વિષયઃ ઓનલાઇન એનરોલમેન્ટ ફોર્મ તેમજ વિદ્યાર્થીનું એન્ટિરેગિંગ અંગેના બે સોગંદનામામોકલવા બાબત**

મહાશય,

ઉપરોકત વિષય તેમજ સંદર્ભ પરત્વે આદેશાનુસાર જણાવવાનું કે શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬માં આપની કોલેજમાં બી.એ.એમ.એસ./બી.એન.વાય.એસ./એમ.ડી./એમ.એસ. (આયુ.)/એમ.ફાર્મ (આયુ.)/એમ.એસ.સી મેડી. પ્લાન્ટ/બી.ફાર્મ(આયુ.)/ડી.ફાર્મ(આયુ.)/પી.જી.ડી.વાય.એન./ડી.નેટ (યોગા)ના પ્રથમ પ્રોફેશનલ વર્ષ (સ્નાતક-અનુસ્નાતક)માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓએ કોલેજ સ્તરે ઓનલાઈન ભરવાના થતા એનરોલમેન્ટ ફોર્મની લિન્ક આ સાથે શામેલ છે.

(1) **http://www.ayurveduniversity.edu.in/admin12345/collegelogin.php લિન્ક પર કોલેજે કક્ષાએ લોગઇન કરીને વિદ્યાર્થીઓની વિગતો ફોટો સહિત સંપૂર્ણપણે ભરીને સદરહુ ફોર્મની પ્રિન્ટ લઈને તે પ્રિન્ટ પર વિદ્યાર્થી તેમજ આચાર્યશ્રીની સહી કરીને જરૂરી દસ્તાવેજો સાથે યુનિવર્સિટીને મોકલી આપવાની રહેશે**

**કોલેજ લોગઇન આઇડી :**
**પાસવર્ડ :**

(2) વિદ્યાર્થીઓના ઓનલાઈન એનરોલમેન્ટ ફોર્મની પ્રિન્ટ સાથે ફોર્મમાં દર્શાવ્યા મુજબના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ આચાર્યશ્રીએ કૉલેજ કક્ષાએ પ્રમાણિત ખરાઇ/પ્રમાણિત કરીને જ મોકલવાની રહેશે.

(3) સંપૂર્ણ ભરાયેલ એનરોલમેન્ટ ફોર્મ **<u>એનરોલમેન્ટ ફી વિદ્યાર્થી દીઠ રૂપિયા 100 /-</u>** <u>(અંકે રૂા.એકસો પૂરા/-)</u> લેખે એનરોલમેન્ટ ફીની સમગ્ર રકમનો ડ્રાફટ અત્રે કુલસચિવશ્રી, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી જામનગરના નામનો મોકલી આપવાનો રહેશે.

(4) બૉર્ડ ઑફ સ્પોર્ટ્સના વિભાગના તા.23-10-2012ના પત્રક્રમાંક-2289 મુજબ યુનિવર્સિટીના બોર્ડ ઓફ સ્પોર્ટસનો વિદ્યાર્થીઓનો ફાળો યુનિવર્સિટી ખાતે જમા કરાવ્યા અંગેનો આધાર પણ અચૂક મોકલવાનો રહેશે.

(5) **ભારત સરકારશ્રીએ ડિસેમ્બર-2013ના ગેઝેટ નોટીફીકેશનથી ઉચ્ચતર શૈક્ષણિક સંસ્થાનોમાં રેગિંગના જોખમો ને નિરાકરણ (દ્રિતીય સંશોધન) વિનિયમ, 2013 અમલમાં આવેલ છે, જે અંતર્ગત દરેક વિદ્યાર્થીનું તથા તેના વાલીશ્રીનું એન્ટીરેગીંગ અંગેનું સોગંદનામુ રૂપિયા 20/-ના બે અલગ-અલગ નોન જ્યુડિશિયલ સ્ટેમ્પ પેપર પર લખાવીને એનરોલમેન્ટના ફોર્મ સાથે મોકલવું ફરજિયાત છે. આ સોગંદનામાનો નમૂનો આ સાથે શામેલ છે અને યુનિવર્સિટીની વેબસાઇટ પર પણ ઉપલબ્ધ છે**

(6) જે વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષ 2015-16 માટે એડમીશન કમિટી ફોર પ્રોફેશનલ મેડીકલ એજયુકેશનલ કોર્સિસ, અમદાવાદ દ્વારા, સંસ્થા દ્વારા, મેનેજમેન્ટ કવોટા હેઠળ અને નિયમ-22 હેઠળ જે પ્રવેશ આપવામાં આવેલ હોય, તે વિદ્યાર્થીઓના નામના લિસ્ટની પ્રમાણિત નકલ પણ એનરોલમેન્ટ ફોર્મની સાથે અવશ્ય મોકલવાની રહેશે.

(7) જે પ્રમાણપત્રો, માર્કશીટોને સક્ષમ અધિકારીશ્રી, રાજય કે અન્ય રાજયની સંસ્થાઓ, બોર્ડ, યુનિવર્સિટી કે અન્ય કોઇ રીતે પ્રમાણિત કરાવવાની થતી હોય તે આપશ્રીની સંસ્થા દ્વારા જ અત્રે મોકલતા પહેલા જ ખરાઇ/પ્રમાણિત કરાવીને જ એનરોલમેન્ટ ફોર્મ યુનિવર્સિટીને મોકલવાના રહેશે અન્યથા આવા વિવાદાસ્પદ એનરોલમેન્ટ ફોર્મ તથા સામેલ પ્રમાણપત્રો યુનિવર્સિટી સ્વીકારશે નહી અને જે કંઇ કાનૂની પ્રશ્નો ઉપસ્થિત થશે તેની સંપૂર્ણ જવાબદારી આપની સંસ્થાની જ રહેશે.

(8) **<u>ઓનલાઇન એનરોલમેન્ટ ફોર્મની પ્રિન્ટ સાથે જરૂરી પ્રમાણિત પ્રમાણપત્રો અને વિદ્યાર્થી તેમજ વાલીના બે સોગંદનામા સિવાયના એનરોલમેન્ટ ફોર્મ કોઈ પણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહીં, જેની ખાસ નોંધ લેવી. નિયત બિડાણો સાથેનું ફોર્મ મોકલી આપવાની અંતિમ તારીખ 11 માર્ચ, 2016 છે.</u>**

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

(આર. એમ. ઝાલા)
કુલસચિવ

બિડાણ : (1) વિદ્યાર્થીનું સોગંદનામુ (નમૂનો)
(2) વાલીનું સોગંદનામુ (નમૂનો)

નકલ રવાના :

(૧) ચેરમેનશ્રી, એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ મેડીકલ એજયુકેશનલ બોર્ડ, બી.જે. મેડીકલ કોલેજ, અમદાવાદ. (શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬માં આયુર્વેદાચાર્ય (B.A.M.S/B.N.Y.S) પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની પ્રમાણિત કરેલી યાદી યુનિવર્સિટીને સત્વરે મોકલી આપવા વિનંતી)

(૨) પી. એસ. ટુ. વી. સી.

(3) પી. એસ. ટુ. રજીસ્ટાર